અપીલ અરજી નં.૨૪૩ તા.૪–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી પરસોતમ એમ. મોરીયા
સામાવાળાઃ–(૧)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
(૨) આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :***– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પરસોતમ એમ. મોરીયાની તા.૧૪–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૨ ની માહિતી આપવા બાબત.
***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૪–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૪૩/૨૦૦૯–૧૦

શ્રી પરસોતમ એમ. મોરીયાની તા.૧૪–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ ,૨,૩,૪,૫,૭,૮,૯, નો નિયત સમયઅવધિમાં પત્યુત્તર ન મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલીની વિગત,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૨ તા.૧૧–૧૧–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને મુળ અરજીની નકલ, તેના મુદ્દા સામે જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે નારાજગી હોય અગર મળેલ ન હોઈ તેની વિગતો તથા અન્ય જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ કરી હોય તો તે કિસ્સા માટે તેવી વિગતો સહિત અપીલ અંગે કોઈ આધાર રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પણ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી આ.નં.૨૮૯૮ તા.૧ ૩–૧૧–૦૯ ના રોજ અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં નોંધ વિભાગ તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૮૨ તા.૧૩–૧૧–૦૯ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, લીંબાયતઝોન તરફથી આ.નં.૨૧૪૮ તા.૧ ૫–૯–૦૯ થી ગાર્ડન સુપ્રિ. (૨) આરોગ્ય અધિકારી (૩) જિલ્લાશિક્ષણાધિકારી કલેકટર ઓફિસ, નાનપુરા (૪) મધ્યસ્થ શહેર વિકાસ અધિકારી શહેર વિકાસ(૫) કાર્યપાલક ઈજનેર ટ્રાફીક સેલ (૬) કાર્યપાલક ઈજનેર તમામઝોનને તબદીલ કર્યા અંગેના પત્રની નકલ તથા તે પોસ્ટ કર્યા અંગેના પુરાવાની નકલ, અરજદારને ગાર્ડન સુપ્રિ. આપેલ માહિતી અંગેના પીપીજી/આ.વા.નં./૭૨૭ તા.૧૮–૯–૦૯ ના પત્રની નકલ, જિલ્લાશિક્ષણાધિકારી અને જાહેર માહિતી અધિકારીના જાવક નં.પ્રાથમિક/આરટીઆઈ/આઈડી નં.૧૦૮/૦૯–૧૦ તા.૧૮–૯–૦૯ ના પત્રની નકલ, ગોવા હાઈકોર્ટના ચુકાદાની નકલ, ટ્રાફીક સેલ/અંન.૧૨૮૫ તા.૨૫–૯–૦૯ થી આપેલ માહિતી પત્રની નકલ, ઉધનાઝોનના જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૪૦૪૨ તા.૩–૧૦–૦૯ ના પત્રની નકલ, આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીએ લીંબાયતઝોનને મુદ્દા નં.૭ માટે તબદીલ કરેલ નં.પીએચડી/સો.વે.મે./આ.નં.૧૫૨૨ તા.૫–૧૦–૦૯ ના પત્રની નકલ, દુકાન અને ગુમાસ્તાધારાના કાયદાના શીડયુલ–૨ ના ચાલુ પેજ નં.૩૦ ની નકલ, એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૫૭ તા.૧૨–૧૦–૦૯ થી આપેલ માહિત પત્રની નકલ તથા તેના યુપીસી અંગેના પુરાવાની નકલ અત્રે પૂરક માહિતીમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૪–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૨ મુદ્દાની માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી ગાર્ડન સુપ્રિ. અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પીપીજી/આ.ન.૭૨૭ તા.૧૮–૯–૦૯ થી મુદ્દા નં.૩,૪,૭,૮,૯,૧૦,૧૨ એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૫૭ તા.૧૨–૧૦–૦૯ તથા સાઈ.ઝોન/મહેકમ/૨૮૮૨ તા.૧૩–૧૧–૦૯ મુદ્દા નં.૪ ની માહિતી અપીલ તબકકે થી મુદ્દા નં.૬ ની માહિતી શિક્ષણાધિકારી તરફથી જાવક નં.પ્ર ાથમિક/આરટીઆઈ/આઈ ડી નં.૧૦૮ તા.૧૮–૯–૦૯ થી મુદ્દા નં.૧૧ ની માહિતી ઉધનાઝોન તરફથી સા.ઝોન/ટેક./૪૦૪૨ તા.૩–૧૦–૦૯ થી તથા મુદ્દા નં.૧૨ ની માહિતી ટ્રાફીક સેલ/૧૨૮૫ તા.૨૫–૯–૦૯ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે તા.૧૪–૯–૦૯ ની અરજીથી મુદ્દા નં.(૧) મારૂતીનગરથી નીલગીરી સર્કલ તેમજ લીંબાયતઝોનના મોટા રસ્તાની વચ્ચે ડીવાઈડર પર લગભગ આઠ માસ પહેલા જે વૃક્ષો વાવેલા તેનો કોન્ટ્રાકટ કોને અપાયેલો હતો અને કેટલા વૃક્ષોની વાવણી કરાઈ હતી અને વૃક્ષદીઠ કેટલા રૂપિયાનું બીલ ચૂકવાયેલ છે. આ વૃક્ષોની માવજત કરવાની જવાબદારી કોની હતી.? આ વૃક્ષનો ઉછેર ન થતાં કોન્ટ્રાકટર પાસેથી પેનલ્ટી કપાઈ હતી કે કેમ? તેવા પ્રશ્ન બાબતે ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી તરફથી મારૂતીનગરથી નીલગીરી સર્કલ તેમજ લીંબાયતઝોનના મોટા રસ્તા વચ્ચે ડીવાઈડર પર રોપવામાં આવેલા વૃક્ષોના રોપાણ માટે કોઈ કોન્ટ્રાકટ આપવામાં આવેલ નથી. બાગ ખાતા ધ્વારા ૩૫૦ નંગ રોપા રોપાણ કરવામાં આવેલ હતું રોપા રોપવાની કામગીરી ખાતાકીય રીતે કરવામાં આવેલ હોય કોઈ પણ જાતનું બીલ ચૂકવવામાં આવેલ નથી કે પેનલ્ટી કરવાની રહેતી નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૨) મારૂતીનગરથી નીલગીરી સર્કલસુધીના રસ્તાની વચ્ચે ડીવાઈડર પર આગળ વાવેલા વૃક્ષોનો ઉછેર ન થતા ગત મહિને જે વૃક્ષની વાવણી ફરીથી કરાઈ હતી તે પછી આ કામ માટે કયા કોન્ટ્રાકટને કામ સોંપેલું છે? આ વૃક્ષની માવજત બરાબર થાય છે કે કેમ? તે કયા અધિકારીને સોપેલું છે. તેવા પ્રશ્ન બાબતે ગાર્ડન સુપ્રિ. અને જાહેર માહિતી અધિકારી તરફથી મારૂતીનગરથી નીલગિરી સુધીના રસ્તા વચ્ચે ડીવાઈડર પર આગળ વાવેલ રોપાનો ઉછેર ન થતાં તે રોપા ફરીથી ખાતાકીય રીતે વાવણી કરવામાં આવેલ છે. અને તે અંગે કોઈ પણ કોન્ટ્રાકટરને કામ સોંપવામાં આવેલ નથી. આ રોપાની માવજત ખાતાકીય રીતે સમયાનુંસાર કરવામાં આવેલ છે. જે માટે સ્થાનિક રહીશોનો પૂરતા પ્રમાણમાં સહકાર મળતો નથી તેમજ તે વિસ્તારમાં રખડતા બકરા તેમજ ઢોર ઢાંખરથી પણ ડીવાઈડરમાં રોપેલા રોપાને નુકશાન થતું હોય છે તેમ છતાં ખાતાકીય રીતે રોપા રોપી તેનો ઉછેર કરવા માટે પ્રયત્ન કરવામાં આવે છે તેની દેખરેખ માટે ઝોનના ગાર્ડન ઈન્સ્પેકટર અને સુપરવાઈઝર વિસ્તારમાં જરૂરી કામગીરી કરતાં હોય છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. (૩) લીંબાયતઝોનના પ્રિયંકા મેગા સીટીના બ્લોક નં.૧૮૩ પ્લોટ નં.ગ ૧,૨ માં આગળ કાયદેસર બનેલી દુકાનો બાબતે શટર કાઢેલા હતાં તે શટર હાલમાં છે અને કઈ હાલતમાં છે? અને આજે ફરીથી આ દુકાને શટર લાગી ગયા છે તો હવે કયારે આ દુકાનોના શટર કાઢવાની કામગીરી હાથ ધરાશે તેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોનના પ્રિયંકા મેઘાસીટીની દુકાનના શટરો કાઢીને જપ્ત લ વામાં આવેલા જે હાલમાં સુરત મહાનગરપાલિકાના દબાણ વિભાગમાં જપ્ત છે અને હાલમાં સુરત મહાનગરપાલિકાના કબ્જામાં છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૪) મહાપ્રભુનગર સર્વે નં.૪/૧/૬ થી નીચે જણાવેલ રસ્તાઓ પર ગટર લાઈન નંખાઈ ગઈ છે પણ પાણીની લાઈન હજુ નંખાઈ નથી તેનું કારણ શું? (૧) પ્લોટ નં.૩૫૭ થી ૩૪૬(૨) પ્લોટ નં.૩૭૯ થી ૩૮૮ (૩) પ્લોટ નં.૩૯૯ થી ૪૦૮ આ રસ્તા ઉપર પાણીની લાઈન નંખાશે કે કેમ? અને પાણીની લાઈન નંખાશે તો કયારે? તેવા પ્રશ્નના જવાબમાં જાહેર માહિતી અધિકારી તરફથી પાણી વિભાગનો ઉપલબ્ધ રેકર્ડ જોતાં મહાપ્રભુનગર–૪/૧/૬ ના રસ્તા પર પાણીની લાઈન નાંખવા બાબતમાં હાલમાં કોઈ આયોજન થયેલ જણાતું નથી. તેવી માહિતી આપ્યા બાદ પૂરક વિગતોમાં અરજદારને નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૮૮૨ તા.૧૩–૧૧–૦૯ થી મહાપ્રભુનગર ૪/૧ /૬ ઈન્ડ. સોસાયટી છે. કે ઉપરોકત રસ્તા ૧,૨ અને ૩ મુજબની શેરી પૈકી બાકીના રસ્તા ઉપર પાણીની લાઈન નંખાઈ છે અને જે તે વખતે ઉપરોકત રસ્તા પરનું ડેવલપમેન્ટ ન થવાના કારણે એટલે કે પ્લોટ ખુલ્લા હોય બાંધકામ ન થયેલ હોય પાણીની લાઈન નંખાયેલ ન હોઈ અને હવે પછી ઉપરોકત રસ્તા પર પાણીની લાઈન નાંખવાની હોય તો અરજી કરવાની રહે છે. અને સદરહુ સોસાયટી ઈન્ડ. હોય

ખર્ચના ૧૦૦ ટકા મુજબની રકમ ભરવાની રહે છે. તદઉપરાંત ઈન્ડ. સોસા. હોય દરેક પ્લોટ હોલ્ડરના બીયુસી રજૂ કર્યેથી કનેકશન મળી શકે આમ ઉપરોકત રસ્તા પર પાણીની લાઈન નાંખવા સોસા. ધ્વારા અરજી થયેથી પાણીની લાઈન નાંખવાની કાર્યવાહી હાથ ધરી શકાય તેમ છે તેવી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.(૫) લીંબાયતઝોનમાં કુલ કેટલી આંગણવાડી આવેલ છે. આંગણવાડીનું સ્થળ તેમાં આવતા બાળકો કઈ આંગણવાડીના કેટલા બાળકો છે અને તેઓનો નાસ્તા કયાંથી આવે છે? આ નાસ્તાનો કોન્ટ્રાકટ કોને અપાયલો છે. આ નાસ્તો ખાવાલાયક છે તેની તપાસ કયા અધિકારી કરે છે? અને બાળકોને નાસ્તો માટે માસિક કેટલા રૂપિયાનું બીલ બાળકદીઠ ચૂકવાય છે. આંગણવાડી રાબેતા મુજબ ચાલે છે તેનું નીરીક્ષણ કયા અધિકારી કરે છે. (અધિકારીઓના નામ તથા મોબાઈલ નંબર જણાવવા). જે અંગે લીંબાયતઝોન તરફથી આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલ કરાયેલ છે પરંતુ તેની માહિતી અરજદારને પૂરી પડાયેલ નથી. મુદ્દા નં.૬. શહેરમાં આવેલી ઘણી પ્રાઈવેટ શાળાઓમાં વાહનપાર્કીગ તેમજ બાળકોને શારીરિક કસરત કરવા માટે ગ્રાઉન્ડ નથી તો આ શાળાઓને કેમ અને કેવી રીતે માન્યતા આપવામાં આવી? . શું વગર ગ્રાઉન્ડની શાળાને માન્યતા આપવા માટે કાયદો છે ખરો? જે શાળામાં ગ્રાઉન્ડ નથી તે શાળાનું નિરીક્ષણ કોણ કરે છે. ઘણી શાળાઓ રસ્તા પર શારીરીક કસરત કરાવે છે. જયારે અકસ્માત સર્જાશે તો તેના જવાબદાર કોણ? તેવી માહિતી માંગવામાં આવેલ. જે માહિતી અન્ય સત્તા મંડળ હેઠળ હોઈ લીંબાયતઝોન તરફથી જિલ્લા શિક્ષણાધિકારી કચેરીને ટ્રાન્સફર કરવામાં આવેલ. જેના અનુસંધાને જા.ન.પ્રા./આરટીઆઈ/આઈ ડી. નં.૧૦૮/૦૯–૧૦ તા.૧૮–૯–૦૯ થી માહિતી આપવામાં આવેલ તેની નકલ અત્રે લીંબાયતઝોન તરફથી પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.જે અંગેની અપીલ સુ.મ.ન.પા. ના કાર્યક્ષેત્રમાં આવતી ન હોય કાયદાની કલમ–૧૯(૧) હેઠળ અરજદારે સબંધિત જાહેર માહિતી અધિકારીના ઉપરી અધિકારી જાહેર થયેલ અપીલ અધિકારીને અપીલ કરવી રહે. મુદ્દા નં.૭. લીંબાયતઝોનમાં કયા કયા વિસ્તારના કેટલા રસ્તાઓ અનુદાનમાં અપાયેલ છે. અનુદાનમાં અપાયેલ રસ્તાઓના સફાઈ કોન્ટ્રાકટનું નામ કયા કયા કોન્ટ્રાકટરોને અપાયેલું છે સફાઈ કામના તમામ કોન્ટ્રાકટની (સમય મર્યાદામાં) કઈ તારીખથી કઈ તારીખ સુધીની અને કોન્ટ્રાકટ પુરા થયા પછી ફરીથી કોન્ટ્રાકટ માટે જાહેરનામું બહાર પડાય છે કે કેમ? તેવી માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોનમાં રસ્તા અનુદાન હેઠળ અપાયેલા નથી અને સફાઈ કામના પણ કોઈ કોન્ટ્રાકટ અપાતા નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૮. લીંબાયતઝોનમાં ઈન્ડ. વિસ્તારમાં આવેલ સંચામશીનના કારખાનાઓના ગુમાસ્તાધારા પ્રમાણે અઠવાડીક રજા જે કારીગરને આપવાની હોય છે અને કારખાના ચાલુ રખાય છે તો તેઓની ઉપર ગુમાસ્તાધારાના કાયદા પ્રમાણે કેમ કોઈ કાર્યવાહી કરાતી નથી? અઠવાડીક રજા માટે કઈ સોસા.માં કયા કારખાનામાં કયારે પણ કેસ કર્યો છે કે કેમ? તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ ના શીડયુલ–૨ ના અનુસૂચિ અનુક્રમ ૫૯ મુજબ અઠવાડીક બંધ કલાક ૧૮ માંથી મુકિત આપવામાં આવેલ છે. અને આવી સંસ્થાઓના માલિકોએ અઠવાડીયામાં એક દિવસ કોઈ પણ જાતના વેતન કાપ્યા વિના રજા આપવાની રહે છે તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ કાર્યવાહી તથા કેસ અંગેની વિગતો આપેલ જણાતી નથી. મુદ્દા નં.૯ લીંબાયતઝોનના ઘણા વિસ્તારો કે જે ઈન્ડ. જાહેર કરાયા નથી તે વિસ્તારમાં એમ્બ્રોઈડરીના કારખાના શરૂ કરાયા છે તે કારખાના બંધ કયારે કરાશે? તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયત વિસ્તારમાં હયાત એમ્બ્રોઈડરીના કારખાના અંગે ભવિષ્યમાં શકય કામગીરી અંગેનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોઈ માહિતી આપી શકાય તેમ નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૧૦ લીંબાયતઝોનમાં કઈ કઈ સોસાયટી ઈન્ડ. જાહેર છે તે સોસા.ના નામ તથા સર્વે નંબરની માહિતી માંગવામાં આવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયતઝોનમાં ઈન્ડ. જાહેર કરવામાં આવેલ હોય એવી સોસા. અંગેનો કોઈ રેકર્ડ લીંબાયતઝોનમાં ઉપલબ્ધ નથી તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૧૧ શહેરમાં આવેલ માર્કેટોમાં પાર્કીગ માટે ગુજરાત સરકારશ્રીના નિયમો મુજબ અમલ ન થતો હોઈ પાર્કીગમાં કોમર્શીયલ દુકાનો બનાવી ભાડે વેચાણ આપેલ હોય અને ઈમ્પેકટ ફી ના નેજા હેઠળ દુર ઉપયોગ કરી પ્રજાને ત્રાસ અપાતો હોય તો તેના માટે તેવા બિલ્ડરો પર પાર્કીગ બાબતે શું કાર્યવાહી કે કોઈ વૈલ્પિક જગ્યા આપેલ છે કે કેમ? અને તેનો અમલ થયેલ છે કે નહી? અને પાર્કીગમાં થયેલ ગેરકાયદેસર દુકાનો કયારે દુર કરામાં આવશે આ બાબતે કયા ઉચ્ચાધિકારીની જવાબદારી બને છે અધિકારીના હોદ્દા તથા નામ અને મોબાઈલ નંબરની માહિતી.જે ના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી નં.સા.ઝોન/ટેક./૪૦૪૨ તા.૩–૧૦–૦૯ થી અરજદારને નીલ માહિતી આપવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.૧૨ લીંબાયતના અંબાજી ચોકથી મારૂતીનગર વચ્ચે ડીવાઈડર બનાવ્યા પછી મદનપુરા શાક માર્કેટ સાઈટ પર વન વે થઈ ગયેલ રસ્તો છે શાહપુરા હરીજનવાસની ઝુંપડપટ્ટી તરફ રસ્તો નાનો હોવાથી તે તરફ કોઈ પણ વાહન જતા નથી તો આ ઝુંપડપટ્ટી કયારે દુર કરાશે. જો ઝુંપડપટ્ટી દુર કરાય નહીં તો જો કોઈ અકસ્માત સર્જાય તો તેના જવાબદાર કોણ? અને જો અકસ્માતમાં કોઈ જાનહાનિ થાય તો તેને વળતર કોણ ચૂકવશે? તેવી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી તરફથી લીંબાયત અંબાજી ચોકથી મારૂતીનગર સર્કલ સુધીના રસ્તાની એક તરફ આવેલા શાહપુરા હરીજનવાસની ઝુંપડપટ્ટી ૨૪ મીટરના ટીપી રોડમાં નડતરરૂપ હોય તેનો સમાવેશ મહાનગરપાલિકા ધ્વારા ભવિષ્યમાં શીફટ કરવામાં આવનાર ઝુંપડપટ્ટીના પ્રાયોરીટી લીસ્ટમાં કરવામાં આવેલ છે તથા સક્ષમ સત્તાધિશ ધ્વારા નિર્ણય થયેથી સદર વસાહત શીફટ કરાશે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે તેમની તા.૪–૧૧–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ ,૨,૩, ૪, ૫,૭,૮,૯ સમય મર્યાદામાં જવાબ ન મળવાને કારણે અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારને મુદ્દા નં.૫ તથા ૮ આંશિક સિવાયના જવાબ જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ જણાય છે. જાહેર માહિતી અધિકારીએ આપેલ મુદ્દા નં.૯ અને ૧૦ દફતરી ઉપલબ્ધ માહિતી આપેલ જણાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તે જોતાં તે સુસંગત જણાય છે.

## ***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૪–૯–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૫ તથા ૮ ની નહીં પૂરી પડાયેલી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા અનુક્રમે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને તથા એડીશનલ સીટી ઈજનેર લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

જયારે મુદ્દા નં.૬ અંગે અરજદારે ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે લાગત અપીલ અધિકારીને અપીલ કરવાની રહેતી હોય અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી ... જાણ તથા અમલ માટે

(૨) શ્રી પરસોતમ એમ. મોરીયા